મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૨૩.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૬૭ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં નવરાત્રીનો ધમધમાટ આરંભાયો

ગાંધીનગર, તા.૨૬

નવલી નવરાત્રીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે નવરાત્રી મહોત્સવ સમિતિઓ દ્વારા નવરાત્રીને લગતી કામગીરી આરંભી દેવાઈ છે. શહેરના સેકટરોમાં રાત્રી બેઠકોનો દોર જામી રહ્યો છે. જયારે કોમન પ્લોટ, સંસ્થાકીય, ખાનગી પાર્ટી પ્લોટના ગરબા મેદાનની સાફ સફાઈ પણ ચાલી રહી છે. જયારે કેટલાક સેકટરોમાં તો ગરબાના ફાળાની રકમ માટે પણ સમિતિના સભ્યો દોડી રહ્યા છે. તો બીજી તરફ નવરાત્રીમાં ગરબે ઘુમવા યુવાવર્ગ ગરબા કલાસમાં જઈ કલાકો સુધી પસીનો પાડી રહ્યા છે અને ગરબાના અવનવા સ્ટેપ શીખી ધુમ મચાવવા થનગની રહ્યા છે. જયારે નવરાત્રીના ધમધમાટને પગલે શહેરમાં પણ અનોખો માહોલ જોવા મળી રહ્યો છે.

નવરાત્રી એટલે માતાજીની આરાધનાનું પર્વ.. નાના બાળકથી લઈને મોટી વયના નાગરીકો પણ ગરબે ઘુમી માતાજીની આરાધના કરતા નજરે પડે છે. નવરાત્રી આવતા શહેરમાં અનોખો માહોલ જોવા મળે છે. શહેરના સેકટરોમાં ઠેર ઠેર નવરાત્રી જોવા મળે છે. એક સેકટરમાં પાંચ થી પણ વધુ સ્થળો પર નાની મોટી માતાજીની નવરાત્રી થતી હોય છે. નવલા નોરતાને ગણતરીના દિવસો બાકી રહ્યા છે અને તૈયારીઓ હજુ સુધી પૂર્ણ થઈ નથી. ત્યારે હાલ શહેરમાં નવરાત્રી મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા દરેક સમિતિને જવાબદારી સોંપી દેવામાં આવી છે. જેથી પોત પોતાના કામ કરવામાં આયોજકો લાગી ગયા છે. શહેરના સેકટરોમાં વર્ષોથી થતા ગરબાને પગલે અત્યારથી જ કામગીરી આરંભી દેવામાં આવી છે. સેકટરોમાં બેઠકોનો દોર શરુ થઈ ગયો છે. જયારે કેટલાક સ્થળો પર ગરબાના ગ્રાઉન્ડની સફાઈ કામ હાથ ધરવામાં આવ્યા છે. લાઈટ, મંડપ અને ડેકોરેશનના ઓર્ડર પણ મોટાભાગે અપાઈ ચુક્યા છે. માતાજીના નોરતાના ફાળાની રકમ એકત્ર કરવા માટે નગરજનો રાત્રી ચોકઠા બેઠકો યોજીને ઘરે ઘરે જાય છે. જયારે કેટલાક નગરજનોએ તો સંસ્થાકીય અને પાર્ટી પ્લોટમાં થતા ગરબાના પાસ માટેની પણ માંગણીઓ શરુ કરી દીધી છે. જયારે ગરબે ઘુમવા યુવાધન અવનવા સ્ટેપ્સ શીખી રહ્યા છે.

શુક્રવારે શિવરંજની આયોજિત કાર્યક્રમ 'પધારો મ્હારે દેશ' યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની સંસ્થા શિવરંજની દ્વારા સંસ્થાના સભ્યો માટે સંગીતને લગતા વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવે છે. શિવરંજની દ્વારા સંસ્થાના આ વર્ષના ત્રીજા કાર્યક્રમ તરીકે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી તા. ૨૮મી સપ્ટેમ્બર શુક્રવારે રાજસ્થાની ગીત-સંગીત-નૃત્યના વિશિષ્ટ કાર્યક્રમ 'પધારો મ્હારે દેશ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સે-૧૭માં ટાઉનહોલ ખાતે રાત્રે ૯.૩૦ કલાકે યોજાશે. જેમાં રાજસ્થાનથી આમંત્રિત ખાસ ટીમ રાજસ્થાની સંસ્કૃતિના ઇદગાર ગીતો સાથે નૃત્યોનું નજરાણું પ્રસ્તુત કરશે. આ કાર્યક્રમને માણવા ગાંધીનગરના રસિકજનોને સંસ્થા દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સિનિયર સિટીઝન કાઉન્સીલની બેઠકમાં ફેરફાર

સિ.સિ.કા.ની ચાલુ માસની બેઠક તા. ૩૦-૯-૧૮ને રવિવારના રોજ લેઉવા પટેલ સમાજવાડી સે-૭ ખાતે સાંજે ૫ કલાકે રાખવામાં આવી હતી. જેમાં અગમ્ય કારણોસર ફેરફાર કરાયો છે અને માસિક બેઠક ૧-૧૦-૧૮ને સોમવારના રોજ સાંજે ૫ કલાકે લેઉવા પટેલ સમાજવાડી સે-૭ મુકામે મળશે. જેથી સૌ સભ્યોને સમયસર હાજર રહેવા સંસ્થાના મંત્રીએ અનુરોધ કર્યો છે.

દિન-પ્રતિદિન જે સંખ્યામાં વાહનો વધતા જાય છે તે પ્રમાણે વાહનધારકોની ટ્રાફિક સેન્સ કે પાર્કિંગ સેન્સ સુધરતી નથી બલ્કે વધુને વધુ વાહનચાલકોના બેજવાબદાર પાર્કિંગના કારણે ટ્રાફિક જામ સહિતની સમસ્યા સતત વધતી જોવા મળે છે. વળી, નડતરરૂપ વાહન પાર્કીંગના કારણે નાગરિકોમાં બિનજરૂરી કજીયા-કંકાસ અને માથાકૂટના બનાવો વધતા જાય છે. જે સરવાળે જાહેર તણાવમાં વધારો કરે છે. ગાંધીનગર જેવા સુઆયોજિત શહેરમાં પણ માત્ર અને માત્ર કેટલાક વાહન ચાલકોના બેજવાબદાર પાર્કિંગને કારણે વારંવાર અન્ય વાહનચાલકોને પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. શહેરના જૂના સચિવાલય ખાતે જયાં 'વાહન વ્યવહાર નિગમ'ની ઓફિસ છે ત્યાં જ આ પ્રકારનું નડતરરૂપ વાહન પાર્કિંગ દરરોજ જોવા મળે છે, શું તંત્ર સામાન્ય નાગરિકોની જેમ આ સરકારી બાબુઓના બેજવાબદાર પાર્કિંગ સામે કડક કાર્યવાહી હાથ ધરશે??

સરકારી બાબુઓનું બેજવાબદાર પાર્કિંગ...!!

એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૬

એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાની ૮Cમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી સમર્થ પટેલનો ખેલ મહાકુંભ અંતર્ગત તાલુકા કક્ષાએ અંડર ૧૪ની ચેસની સ્પર્ધામાં પ્રથમ નંબર અને ૭Cની વિદ્યાર્થીની તૃપ્તિ સુથારે બીજો નંબર પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. આ શાળાના આચાર્યા મેડમ તેમજ શાળાના સ્ટાફ ગણે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન આપી ઉત્સાહ વધાર્યો હતો.

ગાંધી જયંતિએ કલાગુર્જરીનો કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે...'

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની સંસ્થા કલા ગુર્જરી દ્વારા દર વર્ષે તા. ૨જી ઓકટોબરે ગાંધી જયંતિ નિમત્તે ગાંધી પ્રિય ભજનોનો કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે..' યોજવામાં આવે છે. આ વર્ષે પણ પૂ. બાપુના જન્મદિવસે ગાંધી વંદનાના આ અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨જી ઓકટોબર મંગળવારે સવારે ૬.૩૦ થી ૮.૩૦ વાગ્યા દરમિયાન સે-૧૭માં ટાઉનહોલ સામેની જગ્યામાં આ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં પૂ. બાપૂને પ્રિય આશ્રમ ભજનાવલીના ભજનો અને ગીતોને ગુજરાતના જાણીતા કલાકારો દ્વારા રજૂ કરવામાં આવશે. દર વર્ષે આ કાર્યક્રમમાં શ્રોતાજનો સ્વયંભૂ રીતે શ્વેત વસ્ત્રો ધારણ કરીને આ કાર્યક્રમને વિનયપૂર્વક માણી પૂ. બાપુને આદરાંજલિ અર્પણ કરે છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ એન.પી. પટેલ દ્વારા જાહેર અનુરોધ કરવામાં આવ્યો છે.

આર.એન.પટેલ શાળા ખાતે કવીઝ કોમ્પીટીશન યોજાઈ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ કડી કેમ્પસ સ્થિત શ્રીમતી આર.એન.પટેલ પ્રાયમરી શાળા ખાતે તાજેતરમાં ધો-૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે કવીઝ સ્પર્ધા યોજી હતી. જેમાં પાંચ ટીમોમાં ૨૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

તાજેતરમાં શૈક્ષણિક પ્રવૃતિના ભાગરુપે શહેરના સે-૨૩ સ્થિત આર.એન.પટેલ શાળામાં કવીઝ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં એ.બી.સી.ડી.અને ઈ ટીમો તૈયાર કરાઈ હતી અને એક ટીમમાં ચાર વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં પ્રશ્ન રાઉન્ડ-૩૦ ગુણ, બર્જર રાઉન્ડ-૧૦ ગુણ અને ફોટા ઓળખ રાઉન્ડ-૧૦ ગુણનો યોજાયો હતો. જેમાં ૫૦ ગુણમાંથી ટીમ બી-૪૫ ગુણ સાથે પ્રથમ ક્રમાંક, ટીમ ઈ-૩૦ ગુણ સાથે બીજા ક્રમાંકે, અને ટીમ એ -૨૫ ગુણ સાથે ત્રીજો ક્રમ મેળવ્યો હતો. ત્રણેય ટીમના વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય અભિનંદન સહ ઈનામ અને સર્ટીફિકેટ આપી શુભેચ્છા પાઠવી હતી. ટીમ બી માં વિજેતા વિદ્યાર્થીઓમાં ધોરણ-૬ એ માં અભ્યાસ કરતો પરમાર પાર્થ મુકેશભાઈ, ધો-૭ એ માં પટેલ હાર્દિ કમલેશ કુમાર, રાઠોડ દિવ્યરાજસિંહ યોગેન્દ્રસિંહ ધો-૮બી, તેમજ પ્રજાપતિ ઓમ શૈલેશભાઈ ધો-૮ બી નો સમાવેશ થાય છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા ખુશ્બુબેન પટેલ અને કાજલબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સતત સાતમા વર્ષે ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના પ્રમુખ તરીકે ડૉ. અનિલ ચૌહાણ ચુંટાયા

ગાંધીનગર, તા.૨૬

ઈન્ડિયન મેડીકલ એસોસિએશનની સામાન્યસભા તાજેતરમાં યોજાઈ હતી. આ બેઠકમાં નવીન વર્ષ માટે ઈન્ડિયન મેડીકલ એસોસીએશનના હોદ્દેદારો વચ્ચે ચુંટણી યોજાઈ હતી. આ ચુંટણીમાં જંગી બહુમતીથી સતત સાતમીવાર પ્રમુખ તરીકે ડૉ. અનિલ ચુંટાઈ આવ્યા છે. આ સાથે સેક્રેટરી તરીકે ડૉ. જયેશ સોલંકી, ઉપપ્રમુખ તરીકે ડૉ. કલ્પશ પરીખ અને ડૉ. રશ્મિન પ્રજાપતિ, જોઈન્ટ સેક્રેટરી તરીકે ડૉ. વિરલ લુહાર, ટ્રેઝરર તરીકે ડૉ. બંકિમ મોદી, આસી. સેક્રેટરી તરીકે ડૉ. હર્ષદ રાઠોડ, આસી. ટ્રેઝરર તરીક ડૉ. વસંત પટેલ જંગી બહુમતીથી વિજયી બન્યા છે. ચુંટણીમાં આઈ.એમ.એ. ઈલેકશન કમિશનર તરીકે ડૉ. કાન્તિભાઈ પટેલ દ્વારા સેવા આપવામાં આવી હતી.

ઈન્ડિયન મેડીકલ એસોસીએશન એ ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારના ૪૬૫થી વધુ એલોપેથીક ડોકટર્સનુ સંગઠન છે. આ એસોસિએશન નિયમિત પણે સી.એમ.ઈ. (કન્ટીન્યુઅશ મેડીકલ એજયુકેશન)ના કાર્યક્રમોથી નવીન તબીબી સંશોધનોથી ગાંધીનગરના તબીબોને માહિતગાર કરે છે અને આરોગ્યસેવાના કેમ્પ તેમજ લોક કલ્યાણની પ્રવૃત્તિઓ ઉપરાંત રાજય સરકારની આરોગ્યલક્ષી વિવિધ યોજનાઓમાં પણ મહ્ત્વનું યોગદાન પુરું પાડે છે. ઈન્ડિયન મેડીકલ એસોસિએશનના હોદ્દેદારોની વરણીને ડોકટર્સ આલમે વધાવી હતી તેમજ આઈ.એમ.એના નવિન હોદ્દેદારોને ફોન પર શુભચિંતકો દ્વારા શુભેચ્છા સહ અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

આસિયા દ્વારા ઈજનેરી આર્કિટેકટના વિદ્યાર્થીઓનું સન્માન યોજાશે

ગાંધીનગર, તા.૨૬

એસોસિએશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેકટ ગાંધીનગર દ્વારા સ્નાતક ઈજનેરો અને સ્નાતક આર્કિટેકટનું સન્માન કરવામાં આવનાર છે. જેથી ગાંધીનગર શહેર અને ગુડામાં આવેલ ગામોમાં વસવાટ કરતા વિદ્યાર્થીઓ કે જેમણે વર્ષ ૨૦૧૮ના માર્ચ/એપ્રિલમાં લેવાયેલી ફાઈનલ ઈજનેરી, આર્કિટેકટની કોઈ પણ ફેકલ્ટીમાં પરીક્ષા પ્રથમ પ્રયાસે પાસ કરી ઉત્તીર્ણ થયા હોય તેમણે તેમના ગુણપત્રક, નામ, સરનામું, ટેલિફોન નંબર, તેમજ પાસપોર્ટ સાઈઝના બે ફોટા સંસ્થાના મંત્રી હસમુખભાઈ બી. શાહ ૪૬૫/એ/૧ ગોકુલ સોસાયટી સેકટર-૮ (મો. ૯૮૭૯૯ ૫૫૦૫૬)ને અથવા પ્રમુખ નટુભાઈ ગજ્જર, પ્લોટ નં. ૧૯૦, સે-૨૯ ફોન નં. ૨૩૨૨૮૧૬૦ને તા. ૩૧મી ઓકટોબર સુધી મોકલી આપવા જણાવાયું છે.

ચિલોડા શાળા કબડ્ડી બોઈઝ સ્પર્ધામાં તાલુકા કક્ષાએ પ્રથમ

ચિલોડા, તા.૨૬

ગાંધીનગર તાલુકાની ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળાના રમતવીરો કબડ્ડી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી મોખરે રહેવા પામ્યા છે. તાજેતરમાં ખેલમહાકુંભ અંતર્ગત સંત આશારામ આશ્રમમાં કબડ્ડી બોઈઝ સ્પર્ધામાં ચિલોડા હાઈસ્કૂલના ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં તાલુકા કક્ષાએ અન્ડર-૧૭માં પ્રથમ આવી ચેમ્પિયન બનતા આનંદની લાગણી ફેલાઈ હતી. વિજેતા ટીમને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગર શહેરીજન સંસ્થા નિવૃત્ત અધિકારી મંડળ સેકટર-૭-ડી ખાતે સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરીજન સંસ્થા તથા ગાંધીનગર નિવૃત્ત સરકારી અધિકારી મંડળ સેકટર-૭-ડી દ્વારા વિદ્યાર્થી સન્માન, વડીલોનું બહુમાનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અગ્રણી વિદ્યાર્થીઓ, વાલીઓ, વડીલો તેમના સંતાનો સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં નાજાભાઈ ઘાંઘર, જે.ડી.દવે, ડૉ. ચંદુભાઈ પટેલ, કિરીટભાઈ અગ્રાવત, અનિલભાઈ જાની, જિતેન્દ્રભાઈ એસ. દવે, સુરેશભાઈ પંડયા, બી.એન. બારોટ, ડી.સી. વોરાએ યોગદાન આપ્યું હતું.

બંને સંસ્થાઓ વતી જે.જી. ભટ્ટ, ભૂતપભાઈ ભૂતડીયા, સુમંતભાઈ શાહ, કેશવગીરી ગોસ્વામી, ભકિતભાઈ કારીઆ તેમજ કાન્તિભાઈનો આભાર વ્યકત કરેલ છે. આ સમારંભના ફોટાઓ નિઃશુલ્ક મેળવવા માટે પ્રમુખ જયંતભાઈ ભટ્ટનો સંપર્ક સાધવા જણાવાયું છે.

આજ રોજ સચિવાલય જીમખાના, સેક્ટર-૨૧ ખાતે યોગાર્થી પરિવારો દ્વારા એકત્રિત થઈ પ્રાતઃ વૈદિક યજ્ઞ કરવામાં આવ્યો હતો. પતંજલિ પરિવારના સ્વયંસેવકો શારદાજી તથા હીનાજીનો જન્મદિવસ આ માસ દરમ્યાન આવતો હોઈ તેઓ યજ્ઞના યજમાન પદે બિરાજમાન હતા. કાર્યક્રમના પ્રારંભે થોડાક પ્રાણાયામ કરવામાં આવ્યાં હતા. વૈદિક યજ્ઞમાં સૌએ શ્રદ્ધાસહ આહુતિ પ્રદાન કરી હતી. યજમાન પદે બિરાજમાન બંને બહેનો ઉપર પુષ્પવર્ષા દ્વારા જન્મદિવસની શુભકામનાઓ સર્વ મહાનુભાવોએ પ્રગટ કરી હતી. યજ્ઞની સંપન્નતા બાદ આર્યસમાજના પં. ચંદ્રપ્રકાશજીએ અવનવી શૈલી દ્વારા હાસ્યાસન કરાવ્યું હતું. તેમણે સ્વસ્થ અને કાર્યશીલ બન્યા રહેવા માટે ટૂંકું વક્તવ્ય પણ આપ્યું હતું. આ પ્રસંગે વૈદિક પરિવારના મેનેજીંગ ટ્રસ્ટી મહેન્દ્રભાઈ ગાંધીએ ભ્રામરી પ્રાણાયામ કરાવી ૧૫ મિનિટ ક્રિયારૂપે ધ્યાન કરાવ્યું હતું. અંતે હિતકારી ફળના રસનું પાન સૌએ કર્યું હતું.

મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ પટેલની જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલિ અપાશે

આજે તા.૨૭ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ સ્વાતંત્ર્ય સેનાની અને વર્ષ ૧૯૨૫થી મધ્યસ્થ ધારાસભાના પ્રથમ ભારતીય પ્રમુખ શ્રી વિઠ્ઠલભાઈ ઝવેરભાઈ પટેલની ૧૪૬મી જન્મજયંતિ નિમિત્તે તેમના તૈલચિત્રને વિધાનસભા પોડિયમ ખાતે વિધાનસભાના અધ્યક્ષ શ્રી દ્વારા પુષ્પાંજલિ આપવામાં આવશે.

સવારે ૧૧.૦૦ કલાકે યોજાનાર આ કાર્યક્રમમાં શ્રી વિઠ્ઠલભાઈ પટેલના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરવા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા વિધાનસભા સચિવશ્રીની યાદીમાં જણાવાયું છે.

કુડાસણની દેવસી સોસાયટીમાં સેટીંગ કામ કરતા મજુરનું કરંટ લાગતા મોત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના કુડાસણ સ્થિત દેવસી સોસાયટીમાં સેટીંગ કામ કરતા મજુરનું વીજ કરંટ લાગતા કરૂણ મોત નિપજયું હતું. આ મામલે ઈન્ફોસીટી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીક બોરીજ ગામે હરગોવિંદ દેવુજી ઠાકોર ઉ.વ. ૪૦ પોતાના પરિવાર સાથે રહે છે અને લોખંડનું સેટીંગ કામ કરે છે. આ યુવાન આજે કુડાસણની દેવસી સોસાયટીમાં સેટીંગનું કામ કરતો હતો દરમિયાન લોખંડના સળીયા ઉંચા નીચા કરતા સળીયો ઉપરથી પસાર થતા વીજ થાંભલાના વીજતારને અડી જતા યુવાનને જોરદાર કરંટ લાગ્યો હતો અને તે યુવાન જમીન પર પટકાતા બેભાન થઈ ગયો હતો આથી તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જયાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. મૃતદેહને પી.એમ. અર્થે મોકલી આ ઘટનાનીવધુ તપાસ જમાદાર વરવાભાઈ ચલાવી રહ્યા છે.

ચિલ્ડ્રન્સ યુનિ. ખાતે મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે 'સ્વચ્છતા અભિયાન' હેઠળ તા. ૧૫ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૮ દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં તા. ૨૬-૯-૨૦૧૮ના રોજ સમગ્ર ગુજરાતમાં ચાલતા તમામ તપોવન સંશોધન કેન્દ્રમાં આવતી સગર્ભા બહેનો તથા જનસમાજમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે હેતુથી સ્વચ્છતાના સંદેશનો મેસેજ આપવા પોસ્ટર દ્વારા આપવા સગર્ભા બહેનોએ વિવિધ પોસ્ટર્સ બનાવ્યા હતા અને ચિલ્ડ્રન્સ યુનિ. ગાંધીનગર ખાતે પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શન યુનિ. દ્વારા ચાલતા વિવિધ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ, અધ્યાપકશ્રીઓ તથા સમગ્ર સ્ટાફે નિહાળ્યું હતું. પ્રદર્શનમાં ચિલ્ડ્રન્સ યુનિ.ના કુલપતિ પ્રો.ડૉ. કે.એસ. લિખિયા કુલસચિવ કમલામણી બહેનરાવે વિશેષ ઉપસ્થિત રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

આગામી પહેલીએ સુમન સિંગર્સ ઓફ સીટી શૉ

ગાંધીનગર, તા.૨૬

સ્મિત મ્યુઝીક દ્વારા ગાંધીનગરના સ્ટેજ ઈચ્છુક નવોદીતો-જુનિયર સીનિયર મેઈલ ફીમેલ કલાકારો માટે ખાસ 'સુમન સિંગર્સ નાઈટ' ફિલ્મી સોંગ્સ ટ્રેક શૉનું આયોજન આગામી તા. ૧-૧૦-૧૮ને સોમવારના રોજ ડૉ. આંબેડકર હોલ ખાતે કરવામાં આવ્યું છે. જેના મુખ્ય પ્રાયોજક જગતભાઈ કારાણી છે. જેમાં નવા-જુના વિવિધ મધુર હિંદી ફિલ્મી ગીતોના પ્રોગ્રામમાં જગતભાઈ, ચેતન સુખડીયા, બકુલ પંજવાણી, સંજય થોરાત, જનક ઠકકર, મનીષ સંગાણી, ડૉ. શંકરસિંહ રાણા, મયુર પટેલ, મનોજ શુકલા, ડૉ. રૂપેશ પટેલ, ડૉ. નરેન્દ્ર પટેલ સાથે ગાંધીનગરના મહાનુભાવો, સ્થાનિક સંસ્થાઓના વડાઓ પ્રોત્સાહન તથા પુરસ્કૃત કરવા માટે પધારશે એમ સ્મિત મ્યુકિ કેરીઓકેના સંચાલક જયોતિ ગજ્જર તથા ભરત ગજ્જરે જણાવ્યું હતું.

ખેલમહાકુંભ અંતર્ગત આયોજિત અંડર-૧૪ કબડ્ડીમાં તાલુકા કક્ષાએ સહજાનંદ સ્કુલ ઓફ એચિવર-ચિલોડાના વિદ્યાર્થીઓએ રનર્સ અપ થઈ શાળાનું ગૌરવ વધારવા બદલ શાળા તથા પ્રિન્સિપાલ સથી વનુગોપાલ, સ્પોર્ટસ ટીચર યોગેશભાઈ પટેલ તથા ભાવેશ વાઘેલા અને અન્ય શિક્ષકો તરફથી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

સાદરા નજીક સાબરમતી નદીમાં ડુબી જતા લિંબોદરાના આધેડનું મોત

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક સાદરા ગામે સાબરમતી નદીમાં લિંબોદરાના એક આધેડનું પાણીમાં ડુબી જતા મોત થયું હતું આ મામલે ચિલોડા પોલીસે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાદરા ગામ પાસેથી સાબરમતી નદી પસાર થાય છે. આ નદીમાં આજે એક વ્યકિતનો મૃતદેહ પાણીમાં તરતો હતો આ મૃતદેહ અંગે સરપંચ ધરમસિંહ દેસાઈને જાણ થતા તેઓએ તુરંત ચિલોડા પોલીસ મથકમાં જાણ કરી હતી.

ચિલોડા પોલીસે તાબડતોબ ઘટના સ્થળે આવી તપાસ શરુ કરી હતી. જેમાં અંદાજે ૬૨ વર્ષીય આધેડનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે વધુ તપાસ કરતા આ આધેડનું નામ જીલુસિંહ પૃથ્વીસિંહ વાઘેલા છે જેનું પાણીમાં ડુબી જતા મોત થયું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ મામલે ચિલોડા પોલીસના પી.એસ.આઈ. આર.ડી. દામા તપાસ ચલાવી રહ્યા છે.

ચિરવિદાય

- સ્વ. સંતોષકુમાર વિદ્યારામ વર્મા, ઉ.વ. ૩૭
- સ્વ. ચાવડા નેનજીભાઈ ભુદરજી, ઉ.વ. ૪૦
- સ્વ. સુનિતાબેન સોમાભાઈ પરમાર, ઉ.વ. ૮૧